
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૧ ઓગસ્ટ ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!



## ખંભાત તાલુકાનું અગ્રેસર ગામ

# કલમસર




# પૌરાણિક ધર્મસ્થાન કમલેશ્વર મહાદેવ પરથી અપભ્રંશ થતાં ગામનું નામ કલમસર પ્રચલિત બન્યું

ખંભાત તાલુકામાં આવેલું કલમસર ગામ ખંભાત રેલવે સ્ટેશનથી અંદાજે આઠ માઈલ દૂર આવેલું પ્રાચીન ધરોહર ધરાવતું ગામ છે. ગામના નામ વિશે વડીલોના જણાવ્યા મુજબ પ્રચલિત માન્યતા એવી છે કે ગામમાં આવેલ પૌરાણિક ધર્મસ્થાન કમલેશ્વર મહાદેવ પરથી ગામનું નામ "કલમસર" પડ્યું છે. લોકવાયકાઓ મુજબ પ્રાચીન સમયમાં ગામનું નામ "વાંકી" હતું અને બાદમાં ધાર્મિક મહત્ત્વ વધતા કમલેશ્વરના અપભ્રંશરૂપે કલમસર નામ પ્રચલિત બન્યું છે.

ગામની સ્થાપના અંગે મૌખિક પરંપરામાં કહેવાય છે કે સંવત ૧૦૧૦ આસપાસના સમયગાળામાં જૂનાગઢના જાદવ ગોપીજીએ અહીં વસાહત ઊભી કરી હતી. સ્થાનિકો મત અનુસાર આવા દાવાઓને ચોક્કસ પુરાવા સાથે જોડવા મુશ્કેલ હોય છે, છતાં ગામની સામૂહિક સ્મૃતિમાં તે મહત્વનું સ્થાન ધરાવે છે. ત્યારબાદ સંવત ૧૧૧૨માં સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી ગરાશિયા કુટુંબો આવ્યા છે અને સૈયદ મુસલમાનો પણ અહીં વસ્યા હોવાનું કહેવાય છે. આ માહિતી સૂચવે છે કે પૌરાણિક સમયથી જ કલમસર વેપાર માર્ગો અને સાંસ્કૃતિક સંપર્કોના કેન્દ્ર તરીકે વિકસતું રહ્યું હશે.

સંવત ૧૨૩૨માં ભેટાસી વિસ્તારના પરમાર રાજપૂતોના આગમન અને સંવત ૧૫૪૨માં ભાદરણના પઢિયારોના સ્થાયી વસવાટનો ઉલ્લેખ ગામની સામાજિક રચનામાં થયેલા પરિવર્તનોને દર્શાવે છે. વિવિધ જાતિ અને સમુદાયોના તબક્કાવાર આગમનથી ગામમાં કૃષિ, પશુપાલન, ધાર્મિક પરંપરા અને સ્થાનિક સ્વરાજની સંસ્કૃતિ વિકસતી ગઈ છે. આજે પણ ગામમાં જુદા જુદા વંશોના વાડા, દેવસ્થાનો અને કુટુંબીય પરંપરાઓ આ ઐતિહાસિક સ્તરોની યાદ અપાવે છે.

કમલેશ્વર મહાદેવનું મંદિર ગામની ઓળખનું કેન્દ્ર છે. શ્રાવણ માસ, મહાશિવરાત્રી અને સ્થાનિક મેળાઓ દરમિયાન અહીં ધાર્મિક અને સામાજિક મેળાવડો યોજાય છે. કલમસરનું ઇતિહાસલેખન મુખ્યત્વે લોકવાયકા, વંશાવળીઓ અને સ્થાનિક પરંપરાઓ પર આધારિત છે. લેખિત દસ્તાવેજો મર્યાદિત હોવા છતાં આવી પરંપરાઓ ગ્રામ્ય સમાજના ઇતિહાસને સમજવા માટે મહત્વપૂર્ણ સ્ત્રોત બની રહે છે. સદીઓથી ચાલતી આવતી ધાર્મિક શ્રદ્ધા, સામૂહિક સ્મૃતિ અને વિવિધ સંસ્કૃતિઓના સહઅસ્તિત્વનું જીવંત દસ્તાવેજ સમાન બની રહે છે.

કલમસર ગામમાં એકંદરે તમામ જાતિના લોકો સંપ એકતા અને પરસ્પરના સહયોગથી સુખી સમૃદ્ધ જીવન ધોરણ માટે જાણીતા છે. ગામમાં હાલ સીંધા ગોહેલ, પરમાર, સોલંકી , પઢીયાર, વાળંદ , રબારી, સૈયદ , દિવાન, વ્હોરા, દેવીપુજક, વણકર, વાલ્મિકી, રોહિત, વગેરે જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર સમગ્ર ખંભાત તાલુકામા સૌથી વિશેષ છે. ગામ પાસેથી જ મહી નદીના વહેણ અને કાંસને કારણે મહત્તમ જમીન કોતર બનતાં બિલકુલ પડતર છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ગામ લોકોની સુખ સમૃદ્ધિ વધતાં




મોટાભાગના ખેતરાળ વિસ્તારોમાં પણ ગામતળની તુલનામાં વિશેષ પ્રમાણમાં રહેણાંક વિસ્તારમાં વધારો થયો છે. પોતાની વડીલોપાર્જિત કે ખરીદી કરેલ જમીનમાં ખેતી સાથે સાથે પોતાના પરિવારો સાથે રહેવા માટે જરૂરીયાતની સુખ સગવડો સાથે રહેવા લાગ્યા છે. જેથી હાલમાં ખેતરોમાં પણ જ્યાં નજર મંડાય ત્યાં પાકાં મકાનો અચુક્પણે જોવા મળે છે. જોકે સ્થાનિક કક્ષાએ વસવાટ કરતા લોકોના ઘણા બધા પરિવાર કલમસર ગામથી દૂર ખંભાત બોરસદ આણંદ વિદ્યાનગર, અમદાવાદ વડોદરા સુરત ઉપરાંત અન્ય શહેરોમાં નોકરી ધંધાર્થે તેમજ બાળકોના અભ્યાસ માટે સ્થાયી થયેલા છે. જોકે તેઓ વાર તહેવારે પરત કલમસર આવતા જ પોતિકાપણાનો ભાવ અનુભવી હળીમળીને રહે છે .

# ગામની પ્રતિભાઓએ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીમાં આગવી સફળતા મેળવી કલમસરને ગૌરવવંતુ બનાવ્યું છે

ખંભાત તાલુકાનું કલમસર ગામ આજે શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી સમગ્ર પંથક માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે. ગામના વતનીઓએ શિક્ષણને જીવન વિકાસનું સર્વોત્તમ સાધન માની સતત આગળ વધવાનો માર્ગ અપનાવ્યો છે, જેના પરિણામે ગામમાંથી અનેક શિક્ષકો, તબીબો, ઈજનેરો, પ્રોફેસરો અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ઊભા થયા છે.

વર્ષોથી ગામમાં મજબૂત શૈક્ષણિક માળખું, વાલીઓમાં જાગૃતિ અને શિક્ષણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ હોવાને કારણે વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. અંદાજે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરી જીવનમાં સફળતા હાંસલ કરી છે, જ્યારે છેલ્લી ઉપલબ્ધ માહિતી મુજબ ગામમાં ૩૦૦થી વધુ ગ્રેજ્યુએટ વ્યક્તિઓ વસવાટ કરે છે.

કલમસરના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામના અનેક યુવાનો આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, જ્યારે કેટલાક વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે કાર્યરત છે. ગામના લોકો પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં મહત્વપૂર્ણ ફરજો બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ કલમસરના યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત માનવામાં આવે છે.



**શિક્ષણ, મહેનત અને સંસ્કારના બળે ગામનું નામ જિલ્લાથી બહાર સુધી ગુંજ્યું**

ખાનગી ક્ષેત્રમાં પણ કલમસરના યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, ડ્રાઈવર અને હેલ્પર સહિત વિવિધ હોદ્દાઓ પર સફળતાપૂર્વક કારકિર્દી બનાવી રહ્યા છે. અંદાજે ૯૦૦થી વધુ લોકો વિવિધ ક્ષેત્રોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર જીવન જીવી રહ્યા હોવાનું જાણવા મળે છે. શિક્ષણ, મહેનત અને સંસ્કારના મજબૂત પાયા પર આગળ વધતું કલમસર ગામ આજે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. ગામની પ્રતિભાઓ માત્ર પોતાના પરિવારનું નહીં પરંતુ સમગ્ર ગામનું નામ રોશન કરી વિકાસ અને પ્રગતિની નવી દિશા દર્શાવી રહી છે.

## પ્રતિભાશાળી વતનીઓ

| હોદ્દો | સંખ્યા |
|---|---|
| આચાર્ય | 5 |
| ઉચ્ચ. માધ્ય. શિક્ષક | 12 |
| હાઈસ્કૂલ શિક્ષક | 1 |
| માધ્યમિક શિક્ષક | 2 |
| પ્રા. શિક્ષક-CRC | 1 |
| પ્રાથમિક શિક્ષક | 68 |
| બાગાયત અધિકારી | 2 |
| મેડીકલ ક્ષેત્રે | 3 |
| નર્સિંગ મેડીકર | 1 |
| નર્સ | 2 |
| આર્મી | 9 |
| શાળા સંચાલક | 1 |
| રીટાયર પોલીસ | 1 |
| રીટાયર ક્લાર્ક | 2 |
| રીટાયર ગૃહપતિ | 1 |
| રીટાયર ગ્રામ સેવક | 2 |
| રીટાયર તલાટી | 1 |
| રીટાયર પોલીસ | 1 |
| રી. ફોરેસ્ટ ઓફીસર | 1 |
| રી.રેલ્વે ઓફીસર | 1 |
| તલાટી | 2 |
| ક્લાર્ક | 3 |
| ગ્રામ સેવક | 2 |
| LCB પોલીસ | 1 |
| પોલીસ | 7 |
| SRP પોલીસ | 5 |
| જી.ઈ.બી. | 11 |
| પોસ્ટ વિભાગ | 2 |
| નહેર વિભાગ | 1 |
| રેલ્વે | 3 |
| એસ.ટી.કંડકટર | 8 |
| આંગણવાડી | 2 |
| કોર્ટ પાટાવાળા | 1 |
| સેવક | 1 |
| સ્વીપર | 1 |
| ગૃહપતિ | 1 |
| રિલાયન્સ | 1 |
| IPCL | 2 |
| ગુજરાત | 1 |
| આર.સી.એમ | 1 |

## કલમસર ટાઉન ટોક

### -: કલમસર ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 2258 |
| કુલ વસ્તી | 11968 |
| કુલ પુરૂષો | 6230 |
| કુલ સ્ત્રીઓ | 5738 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 75.35 |
| પુરૂષ સાક્ષરતા દર | 86.16 |
| સ્ત્રી સાક્ષરતા દર | 63.82 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 1153 |
| ખેત મજૂર | 1668 |
| સીમાંત વર્ગ | 474 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 1044 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 1549 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 6630 |
| ગાય | 867 |
| ભેંસ | 5483 |
| અન્ય | 280 |

### -: જમીન ક્ષેત્રફળ :-

6599 હેક્ટર 59 આરે 04 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 96 હેક્ટર 63 આરે 15 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 08 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1872 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 1931

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1800 |
| ઔધોગિક વિષયક જોડાણ | 03 |
| ખેતી વિષયક જોડાણ | 150 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 525

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 215 |
| BPL કાર્ડ ધારકો | 810 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 140 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 575 |
| વિધવા સહાય | 350 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 03 |